1. શા માટે પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે, પણ કુલ જથ્થા કરતાં વધારે હોઈ શકે નહી?

- ઉત્પાદક કે વેપારીઓ દ્વારા જથ્થાનો જે ભાગ અમુક ચોક્કસ કિંમતે અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન વેચાણ માટે મૂકવામાં આવે, તે પુરવઠો કહેવાય છે. બધો જ જથ્થો પુરવઠો બને જ એવું નિશ્ચિત હોતું નથી. આમ, પુરવઠો જથ્થાનો ભાગ હોવાથી જથ્થા કરતાં વધારે હોઈ શકે નહી. જો ઉત્પાદનમાં અગાઉનો જથ્થો ઉમેરીને વેચાણ માટે મૂકવામાં આવે, તો પુરવઠાનું પ્રમાણ ઉત્પાદનના પ્રમાણ કરતાં વધારે રહે.તેથી પુરવઠો ઉત્પાદન કરતાં વધારે હોઈ શકે.

2. પુરવઠારેખાનો ઢાળ ધન કેમ હોય છે, કારણો આપી સમજાવો.

- વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સીધો સંબંધ હોવાથી પુરવઠારેખાનો ઢાળ ધન છે. જેમ જેમ વસ્તુની કિંમતમાં વધારો થાય છે તેમ તેમ વસ્તુના પુરવઠામાં પણ વધારો થાય છે અને પુરવઠારેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. અર્થાત્ પુરવઠારેખાનો ઢાળ ધન છે.

3. વ્યક્તિગત પુરવઠો અને બજારપુરવઠાનો અર્થ સમજાવો.

- કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા કોઈ વસ્તુ જુદી જુદી કિંમતે વેચવા માટે બજારમાં મૂકવામાં આવે છે, તેને વ્યક્તિગત પુરવઠો કહે છે.
- કોઈ ચોક્કસ સમયે અને ચોક્કસ કિંમતે અનેક ઉત્પાદકો કે પેઢીઓ દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં વેચવા માટે મૂકવામાં આવે છે, તેના કુલ સરવાળાને કુલ પુરવઠો કે બજારપુરવઠો કહે છે.
- વ્યક્તિગત પુરવઠો અને બજારપુરવઠાની અનુસૂચિ નીચે પ્રમાણે છે.

| **વસ્તુની કિંમત (rsમાં )** | **વસ્તુની પુરવઠો (એકમમાં)** | | | **બજારપુરવઠો (કુલ પુરવઠો) (એકમમાં)** |
|---|---|---|---|---|
| | **ઉત્પાદક A** | **ઉત્પાદક B** | **ઉત્પાદક C** | |
| 10 | 50 | 40 | 30 | 120 |
| 20 | 60 | 50 | 40 | 150 |
| 30 | 70 | 60 | 50 | 180 |
| 40 | 80 | 70 | 60 | 210 |
| 50 | 90 | 80 | 70 | 240 |

- અનુસૂચિ મુજબ વ્યક્તિગત પુરવઠારેખા અને બજાર પુરવઠારેખા નીચે આકૃતિમાં દર્શાવ્યા મુજબ મળે

- બધી વ્યક્તિગત પુરવઠારેખા ધન ઢાળવાળી છે. વ્યક્તિગત પુરવઠારેખા કરતાં બજાર પુરવઠારેખાનો ઢાળ ઓછો છે.

4. વ્યક્તિગત પુરવઠા અને બજારપુરવઠો વચ્ચે શું ફરક છે?

<table>
<tr><th>વ્યક્તિગત પુરવઠો</th><th>બજારપુરવઠો</th></tr>
<tr><td>1. કોઈ ઉત્પાદક કે વેપારી ચોકક્સ સમયગાળામાં જુદી જુદી કિંમતે કેટલા પ્રમાણમાં વસ્તુ વેચવાની ઈચ્છા ધરાવે છે, તેને વસ્તુનો વ્યક્તિગત પુરવઠો કહેવામાં આવે છે.</td><td>1. જુદા જુદા ઉત્પાદક કે વેપારી ઓના વ્યકિતગત પુરવઠાનો સરવાળો કરવામાં આવે, તો તેને બજારપુરવઠો કહેવામાં આવે છે.</td></tr>
<tr><td>2. વ્યક્તિગત પુરવઠાની અનુસૂચિ :
<table>
<tr><th>વસ્તુ Xની કિંમત(rsમાં</th><th>વસ્તુ Xનો પુરવઠો</th></tr>
<tr><td>10</td><td>100</td></tr>
<tr><td>20</td><td>200</td></tr>
<tr><td>30</td><td>300</td></tr>
<tr><td>40</td><td>400</td></tr>
</table></td><td>2. બજારપુરવઠાની અનુસૂચિઃ
<table>
<tr><th rowspan="2">વસ્તુ Xની કિંમત(rsમાં</th><th colspan="2">વસ્તુ Xનો પુરવઠો</th><th rowspan="2">બજારપુરવઠો(AB)</th></tr>
<tr><th>A</th><th>B</th></tr>
<tr><td>10</td><td>100</td><td>50</td><td>150</td></tr>
<tr><td>20</td><td>200</td><td>100</td><td>300</td></tr>
<tr><td>30</td><td>300</td><td>150</td><td>450</td></tr>
<tr><td>40</td><td>400</td><td>200</td><td>600</td></tr>
</table></td></tr>
<tr><td>3. પુરવઠારેખા વ્યક્તિગત પુરવઠાની સ્થિતિ દર્શાવે છે.</td><td>3. બજાર-પુરવઠારેખા બજારપુરવઠાનું ભોમિતિક રૂપાંતર છે.</td></tr>
<tr><td>4. પુરવઠારેખા કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ દર્શાવે છે.</td><td>4. બજાર-પુરવઠારેખા કિમત અને બજારપુરવઠા વચ્ચે સીધો સબંધ દર્શાવે છે.</td></tr>
</table>